RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 348 * Date: 08.10.2024,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




# 'અમે રોકાવાના નથી, જીતીને જ રહીશું...', હમાસ સામે યુદ્ધને એક વર્ષ પૂરું થતાં નેતન્યાહુનો હુંકાર



હમાસે ગયા વર્ષે આ દિવસે એટલે કે ૭મી ઓક્ટોબરે ઈઝરાયલ પર હુમલો કર્યો હતો. ત્યારબાદ ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ હમાસને સંપૂર્ણ રીતે ખતમ કરવાની પ્રતિજ્ઞા લીધી. ત્યારથી હમાસ અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધ ચાલુ છે. આ યુદ્ધને કે વર્ષ થયાના એક દિવસ પહેલા એટલે કે ગઈ કાલે વડા પ્રધાન નેતન્યાહુએ ફરી એકવાર હમાસને ખતમ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આ પ્રતિજ્ઞા લેતાં નેતન્યાહુએ કહ્યું હતું કે, 'કોઈ અમને સમર્થન આપે કે ન આપે, અમે આ યુદ્ધ જીતીશું. દેશની સેનાએ ઓક્ટોબર ૭ના હમાસના હુમલા પછીના આ વર્ષમાં સંપૂર્ણપણે વાસ્તવિકતા બદલી નાખી છે. જેના કારણે દેશ બે યુદ્ધો લડી રહ્યો છે.'

પીએમ નેતન્યાહુએ સૈનિકોને કહ્યું કે, 'ઈઝરાયલ જીતશે કારણ કે તે ગાઝા પટ્ટી અને લેબનોન બન્ને જગ્યાએ આતંકવાદીઓ સામે લડી રહ્યા છે અને ઈરાન પર હુમલો કરવાની તૈયારીમાં છે. ઈઝરાયલના આર્મી ચીફ લેફ્ટનન્ટ જનરલ હર્ઝી હલેવીએ આ પ્રસંગે કહ્યું કે એક વર્ષ બાદ અમે હમાસની સૈન્ય શાખાને હરાવ્યું છે.'

નેતન્યાહુએ પોતાના સંબોધનમાં કહ્યું, 'હું અહીં ઉત્તરી સરહદ પર ᳚હ્લ સૈનિકો સાથે છું. અહીંથી થોડાક મીટર દૂર, સરહદ પર, તમારા સાથી સૈનિકો હિઝબુલ્લાહે અમારા પર હુમલો કરવા માટે તૈયાર કરેલા આતંકવાદીઓનો ખાત્મો બોલાવ્યો છે. તમારા બધાના વખાણ થવા જોઈએ. તમે સાથી સૈનિકો સાથે ખરેખર અદ્ભુત કામ કરી રહ્યા છો.' નેતન્યાહુએ પ્રથમ હુમલો યાદ કરતાં કહ્યું હતું કે, 'એક વર્ષ પહેલા આપણને એક ભયાનક ઝટકો લાગ્યો હતો. ત્યારથી લઈને ૧૨ મહિનામાં અમે સમગ્ર વિશ્વમાં વાસ્તવિકતા બદલી નાખી છે. દુશ્મનો પર જે હુમલાઓ તમે કરી રહ્યા છો તેનાથી સમગ્ર વિશ્વ આશ્ચર્યચકિત છે.

## નીતિશ કુમારની સરકાર પાડવા પ્રયાસ! ધારાસભ્યોને કરોડોની ઑફર કિડનેપિંગની ધમકીનો દાવો

બિહારમાં NDA સરકારના વિશ્વાસ મત દરમિયાન ધારાસભ્યોને ખરીદીના કેસમાં તપાસ કરી રહેલા આર્થિક અપરાધ એકમ ને મહત્વપૂર્ણ સંકેતો મળ્યા છે. ઈકોનોમિક ઓફેન્સીસ યુનિટની તપાસમાં સામે આવ્યું છે કે, સરકારને વિશ્વાસ મત દરમિયાન પછાડવા માટે હોર્સ ટ્રેડિંગ કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, આ માટે ગેરકાયદેસર નાણાંની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. મળેલા પુરાવાના આધારે જાણવા મળ્યું છે કે, વિવિધ શહેરોમાં બેઠેલા લોકો આ હોર્સ ટ્રેડિંગમાં સામેલ હતા. દિલ્હી સહિત ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને નેપાળમાંથી નીતિશના ધારાસભ્યોને ખરીદવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં, ઘણા ધારાસભ્યોએ તો એડવાન્સ પૈસા પણ લઈ લીધા હતા, જેના પુરાવા ઈંને મળ્યા છે.માનવજીત સિંહ ધિલ્લોનનું કહેવું છે, કે હોર્સ ટ્રેડિંગના આ મામલે થયેલી તપાસ દરમિયાન મોટો ખુલાસો થયો છે. કેટલાક લોકોએ પ્લાનિંગ કર્યો હતો કે, જો મુખ્યમંત્રી નીતિશ કુમારની આગેવાની હેઠળની એનડીએ સરકાર વિશ્વાસ મતમાં હારી જશે તો ધારાસભ્યોને ખૂબ પૈસા મળશે.




નીતિશ વિરુદ્ધમાં મતદાન કરનારા તમામ ધારાસભ્યોને અન્ય રાજ્યોમાં હવાલો આપીને પૈસા આપવામાં આવ્યા હતા. જો કે, તેમનો આ પ્લાનિંગ સફળ ન થયો. ઈંનું કહેવું છે કે, દલાલોએ ધારાસભ્યોના અપહરણની પણ યોજના બનાવી હતી. તેમને પૈસાની લાલચ આપીને તેમની તરફ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## બકરું કાઢતા ઊંટ પેઠુંઃ ગુજરાત સરકારના ગળે ગાળિયો ભરાયો, હવે 'ફિક્સ પે' પ્રથા નાબૂદીની માગ ઊઠી

જૂની પેન્શન યોજનાની માગ પૂર્ણ કરીને સરકારી કર્મચારીઓને દિવાળી ગિફ્ટ આપવાની લ્હાયમાં સરકારને ગળે ગાળિયો ભરાયો છે. હજુ તો સરકારી કર્મચારીઓને આનંદના સમાચાર મળે તે પહેલાં જ ફિક્સ પે પ્રથા નાબૂદ કરવાની માંગ બુલંદ બની છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર ફિક્સ પે પ્રથા નાબૂદ કરો એ ટોપ પર ટ્રેન્ડ થયુ હતું. આ ટ્રેન્ડમાં એક લાખ લોકોએ આ હેશટેગ પર પોસ્ટ કરી વિરોધ વ્યક્ત કર્યો હતો. આમ, સરકારી કર્મચારીઓના મનામણાં વચ્ચે ફિક્સ પગારદારો વિફર્યા છે.

ગુજરાતમાં છેલ્લા ઘણાં વખેતથી ફિક્સ પેસિસ્ટમ હટાવવા માંગ કરવામાં આવી રહી છે. મહત્ત્વની વાત એ છે કે, અન્ય રાજ્ય કરતાં ગુજરાતમાં સૌથી ઓછુ ફિક્સ વેતન આપવામાં આવી રહ્યુ છે. આ કારણોસર ફિક્સ પે પ્રથાનો ભારે વિરોધ થઈ રહ્યો છે. માન્ય ભરતી બોર્ડમાં સ્પર્ધાત્મક પરીક્ષા ઉતિર્ણ કરી ઉમેદવાર નોકરી મેળવે છે. ત્યારે ફિક્સ પગારમાં પાંચ વર્ષનો સમય વ્યતિત કરવો પડે છે. નિયત પગારમાં નોકરી કરવાની હોઈ કર્મચારીને મોટું ઓર્થિક નુકશાન થાય છે.ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૨માં ફિક્સ પે પ્રથા નાબૂદ કરવા ગુજરાત હાઈકોર્ટે ચુકાદા આપ્યો હતો. ત્યારે આ આદેશને પડકારી રાજ્ય સરકારે સુપ્રિમ કોર્ટના દ્વાર ખખડાવ્યાં છે. હજુય આ કેસ સુપ્રિમમાં છે. ત્યારે વિધાનસભા વિપક્ષના નેતા અમિત ચાવડાએ 'ઠ' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'ડબલ એન્જિનની



સરકાર ફિક્સ પે પ્રથા નાબૂદ કરીને ગુજરાતના યુવાઓને શોષણમાંથી મુક્તિ આપે, સરકાર સરકાર સુપ્રિમ કોર્ટમાંથી કેસ પાછો ખેંચે.' સોશિયલ મીડિયામાં ફિક્સ પે પ્રથા નાબૂદીનો મુદ્દો છવાયેલો રહ્યો હતો. 'ઠ'પર ટોપ પર ટ્રેન્ડ થયુ હતુ. એક લાખ લોકોએ હેશટેગ પર પોસ્ટ કરી વિરોધ દર્શાવ્યો હતો. ફિક્સ પગારદારોને એવુ હતુ કે, રવિવારે (છઠ્ઠી ઓક્ટોબર) કેબિનેટની બેઠકમાં ફિક્સ પગારદારોની સમયઅવિધ ઘટી શકે છે તેવો નિર્ણય લેવાશે પણ આ વાત અફવા સાબિત થઈ હતી. માત્ર વર્ષ ૨૦૦૫ પહેલાના કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મળશે તેવી જાહેરાતના પગલે ફિકસ પગારદારો વિફર્યા હતાં.બીજી તરફ આપ પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીએ એવો પડકાર ફેંક્યો કે, 'સરકારમાં તાકાત હોય તો ફિક્સ પે પ્રથા નાબૂદ કરે, જો આ નિર્ણય લેવાશે તો હું જાહેરમાં અભિનંદન પાઠવીશ. આમ, જૂની પેન્શન યોજનાનો લાભ અપાવવાની લ્હાયમાં સરકારને ગળે હાડકુ ભરાયુ છે.

## ગરબા રમવા ગયેલી સગીરને નશો કરાવી ત્રણ હેવાનોએ કર્યો સામૂહિક દુષ્કર્મનો પ્રયાસ

રાજયમાં છેલ્લાં કેટલાક દિવસમાં જ દુષ્કર્મની અનેક ઘટનાઓ બની છે. દાહોદ, સુરેન્દ્રનગર, વડોદરા, મહેસાણા અને સુરતના માંડવીમાં દુષ્કર્મની ઘટનાની હજુ શાહી સૂકાઈ નથી. ત્યારે આણંદમાં સામૂહિક દુષ્કર્મનો પ્રયાસ કરાયો હોવાની ઘટના બની છે. આરોપીઓએ સગીરાને નશો કરાવી દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો.જો કે, સગીરાએ બૂમાબૂમ કરતા આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ ઘટના અંગે પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.સગીરાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, આણંદ જિલ્લામાં સારસાના ખડીપુરા પ્રાથમિક શાળામાં મોડી રાત્રે સગીરા સાથે ગામના ત્રણ યુવકોએ દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો. સગીરા રાત્રે ગરબા રમવા ગઈ હતી, ત્યારે તેને નશો કરાવી દુષ્કર્મનો પ્રયાસ કરાયો હતો. પરંતુ સગીરાએ બૂમાબૂમ કરતા ત્રણેય નરાધમો ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા. આ મામલે સગીરાએ સમગ્ર ઘટનાની જાણ ઘરે કરતાં પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જ્યારે સગીરાને મેડિકલ તપાસ માટે વડોદરા ખસેડાઈ છે.જે રીતે દુષ્કર્મની ઘટનાઓ વધી રહી છે તે જોતાં લાગી રહ્યુ છે કે, ગુજરાતમાં ગુનેગારોને જાણે મોકળુ મેદાન મળ્યુ છે. ખાખી વર્દીનો કોઈને ડર રહ્યો નથી. આ પરિસ્થિતી વચ્ચે ગૃહમંત્રી શેખી મારી રહ્યા છે. ત્યારે સલામત ગુજરાતમાં જ મહિલાઓ અસલામતી અનુભવી રહી છે.ઉલ્લેખની છે કે, વડોદરાના ભાયલી ગામની સીમમાં અવાવરું જગ્યાએ ધોરણ ૧૧ સાયન્સની વિદ્યાર્થિની અને તેના બોયફ્રેન્ડને બાનમાં લઈ પોલીસના નામે રૂઆબ છાંટી ત્રણ નરાધમોએ વિદ્યાર્થિની પર સામૂહિક દુષ્કર્મ આચર્યુ હતું. આ મામલે વડોદરા ક્રાઈમ બ્રાન્ચે આરોપી મુન્ના અબ્બાસ, આફતાબ સુબેદાર અને શાહરુખ વણઝારાની ધરપકડ કરી છે.

## નવરાત્રિમાં એએમસીની મોટી કાર્યવાહી, અમદાવાદના સુવર્ણ ગરબા પંડાલને માર્યું સીલ



નવરાત્રિમાં ઠેર-ઠેર પાર્ટી પ્લોટમાં ગરબાનું આયોજન થઈ રહ્યું છે. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોટી કાર્યાવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં અમદાવાદ ખાતે સુવર્ણ ગરબા પંડાલને સીલ માર્યું હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. જેને લઈને ગરબા આયોજકો દોડતા થઈ ગયા છે અને ગરબાપ્રેમીઓનો નિરાશાનો માહોલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના સુવર્ણ ગરબા પંડાલમાં નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરતાં સીલ મારી દેવામાં આવ્યું છે. સુવર્ણ ગરબા પંડાલના આયોજકોનો ૨ લાખથી વધુ ટેક્સ બાકી હોવાથી સીલ મારવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. તો બીજી તરફ આયોજકો દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે વેરાની રકમ ભરપાઈ કરી દેવામાં આવી છે.

## રાજ્યમાં ૧૩ સ્થળે GST વિભાગના દરોડા, ભાજપ-કોંગ્રેસના બે નેતાઓના ઠેકાણાઓ પર પણ તપાસ

ગીર સોમનાથ જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસના બે નેતાઓને ત્યાં ય્જ્ના દરોડા પાડવામાં આવ્યાં છે. મળતી માહિતી પ્રામણે ય્જ્ની આઠથી વધુ ટીમ દ્વારા રાજ્યમાં ગીર સોમનાથ, ભાવનગર સહિત ૧૩ સ્થળો પર ગેરકાયદે બાંધકામ અને ટેક્સ ભરવામાં ગડબડ કરનારા સામે તપાસ હાથ ધરવામાં આવી છે. ભાવનગરની એક કન્ટ્રક્શન કંપનીમાં અમદાવાદ એસઓજી પોલીસ અને ય્જ્ની સયુંક્ત ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યાં. ભાવનગર બોગસ




બિલિંગનું હબ છે. ય્જ્ને લગતી પોલીસ ફરિયાદ અમદાવાદમાં નોંધાઈ છે, તેના પગલે પોલીસ અને ય્જ્ની સયુંક્ત તપાસ હાથ ધરાઈ, અમદાવાદ એસઓજી પોલીસે વાઘાવાડી રોડ પરના સુરભી મોલમાં આવેલી ઓમ કન્ટ્રક્શન કંપની ખાતે સર્ચ ઓપરેશન હાથ ધર્યું. મળતી માહિતી મુજબ, સમગ્ર મામલે પોલીસે ૪૨૦, ૪૦૬, ૪૦૯ કલમ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## તંત્રી સ્થાનેથી..

# વિદેશી રોકાણકારો ચીન તરફ ડાયવર્ટ? છ દિવસમાં રૂ. ૪૦૦૦૦ કરોડનું રોકાણ પાછું ખેંચ્યું

અઠવાડિયું બદલાઈ ગયું પરંતુ શેરબજારની સ્થિતિ જૈસે થૈ રહી છે. ગત સપ્તાહે સળંગ પાંચ દિવસ શેરબજાર તૂટ્યા બાદ આજે ફરી મોટા કડાકા સાથે રેડઝોનમાં બંધ રહ્યું હતું. ઈન્ટ્રા ડે ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૮૦૦ પોઈન્ટથી વધુ તૂટ્યો જ્યારે નિફ્ટી પણ ૨૩૦ પોઈન્ટથી વધુ તૂટ્યો હતો. છેલ્લા છ દિવસમાં રોકાણકારોના લગભગ ૨૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. વિદેશી રોકાણકારો ભારતીય બજારોમાંથી ૪૦ હજાર કરોડ સુધીનું રોકાણ પાછું ખેંચી ચૂક્યા છે.વિદેશી રોકાણકારોની મોટાપાયે વેચવાલીનું એક કારણ ચીનનું રાહત પેકેજ છે. ચીને તેની અર્થવ્યવસ્થાને રિકવર કરવા માટે તાજેતરમાં એક મોટા રાહત પેકેજની જાહેરાત કરતાં એફઆઈઆઈ ભારતમાંથી ફરી પાછા ચીન તરફ ડાયવર્ટ થયા છે. બીજી તરફ ભારતીય શેરબજારો ઓવરબોટ થયા છે. જેથી રોકાણકારો ચીનના શેરબજારમાં નીચા મથાળે ખરીદી કરી આ રાહત પેકેજનો લાભ લેવા તત્પર બન્યા છે.ગ્લોબલ બ્રોકરેજ ફર્મ ઝન્જીછ એ ભારતીય ઈક્વિટીમાં રોકાણ ઘટાડીને ચીનમાં તેનું રોકાણ વધાર્યું છે. ઝન્જીછ એ જણાવ્યું હતું કે તે ભારત પર તેનું ઓવરવેઈટ ૨૦% થી ઘટાડી ૧૦% અને ચીન પર ૫% કર્યું છે. વિદેશી કંપનીઓનું કહેવું છે કે ભારતીય ઈક્વિટી ત્રણ કારણોસર પ્રભાવિત થઈ રહી છે. તેમાં ક્રૂડના ભાવ,ઁની તેજી અને માર્કેટના વધુ પડતાં વોલ્યૂમ સામેલ છે. ફર્મના વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ભારતે ચીન કરતાં ૨૧૦% વધુ સારૂ પ્રદર્શન કર્યું છે. જેથી હવે તેની વેલ્યૂ ખૂબ ઉંચી થઈ છે. જો કે, દેશનો સ્કેલેબલ ઈસ ગ્રોથ ખૂબ ઊંચો છે.

ચીનના શેરબજાર છેલ્લા બે-ત્રણ વર્ષથી ખરાબ પ્રદર્શન કર્યા બાદ હવે સુધરી રહ્યા છે. જેનો લાભ રોકાણકારો લેવા જઈ રહ્યા છે. જો કે, ઈન્વેસ્કો, જેપી મોર્ગન, એચએસબીસી અને નોમુરા હજી ચીનના આગામી પગલાં અને આર્થિક આંકડાઓ પર નજર રાખી નિર્ણય લેવા માગે છે.

# ગમે તેમ સેટિંગ કરીને નોબેલ અપાવો રાજુ રદીની ગુહાર.!!!

“ ગિરધરભાઈ, તમારે બહુ મોટી ઓળખાણો છે ને?’’આઈન્સ્ટાઇનની જેમ વાળ શાહુડીના પીંછા જેમ ઊંચા કરી રાજુ રદીએ મારા ઘરમાં પ્રવેશ કરીને દાણો દાબ્યો . હું સમજી ગયો કે રાજુ રદીના મગજમાં બિરબલની ખીચડી જેવું કશુંક પાકી રહ્યું છે અને પ્રેશર કૂકરની સીટી વાગી રહી છે !!

“ હા ઘણા માણસો સાથે ઘણી ઓળખાણ છે. ક્યાંક પચાસ ટકા તો ક્યાંક સો ટકા ઓળખાણ છે!’’ મેં રાજુને ઓળખાણોનું વિવરણ આપ્યું.

“ગિરધરભાઈ. શું ઓળખાણ પચાસ ટકા હોય ખરી ??હું ખાસ (રાજુ આમ-સામાન્ય પણ કયાં સમજે છે?) સમજ્યો નહીં?

“ જો, રાજુ, પચાસ ટકા ઓળખાણ એક પક્ષે તો સો ટકા હોય છે!! જેમ કે મારી પુતિન સાથેની ઓળખાણ મારા પક્ષે સો ટકા હોય પણ પુતિન મને ન ઓળખતાં હોય તો તે ઓળખાણ પચાસ ટકા કેટેગરીમાં આવે!! એ બધું છોડ પણ તારે શું કામ હતું કે જેમાં મારી ઓળખાણની જરૂર પડી?’’ મેં પૂછયું!!

ગિરધરભાઈ. તમને ખબર હશે કે જગતમાં મોટામાં મોટો એવોર્ડ નોબેલ એવોર્ડ છે. દર વર્ષે આલ્ફ્રેડ નોબેલના જન્મના માસ એવા ઓક્ટોબર મહિનામાં શરૂઆતના દિવસોમાં નોબલ પુરસ્કાર વિજેતાઓના નામ બહાર પાડવામાં આવતા હોય છે. જેના ઉપર આખી દુનિયાની નજર હોય છે. નોબલ પરિતોષિક એ શાંતિ, સાહિત્ય, રસાયણ શાસ્ત્ર, શરીર વિજ્ઞાન, ભૌતિક શાસ્ત્ર અને અર્થ શાસ્ત્ર જેવા વિષયો ઉપર કરેલ ઉમદા કાર્ય માટે આપવામાં આવે છે. નોબલ પારિતોષિક એ આલ્ફ્રેડ નોબેલ જેઓ પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી હતા તેમની યાદમાં આપવામાં આવે છે. તેઓ એક સ્વીડિશ વૈજ્ઞાનિક હતા અને તેમણે જ આ નોબેલ પારિતોષિક આપવાની શરૂઆત કરી હતી.

આલ્ફ્રેડ નોબલે કુલ મળીને ૩૫૫ અલગ અલગ પ્રકારની શોધ કરી હતી અને તેમાં સૌથી મહત્વની શોધ ડાયનામાઈટ ની હતી. આ શોધ પછી આખી દુનિયા આલ્ફ્રેડ નોબેલને ઓળખવા લાગી હતી. તેમણે જે ડાયનામાઈટની શોધ કરી હતી તે ડાયનામાઈટ નો ઉપયોગ એ હથિયાર બનાવવા માટે થવા લાગ્યો હતો. જેને આપણે વિસ્ફોટ્ક તરીકે પણ ઓળખીએ છીએ. ૧૮૮૮ માં આલ્ફ્રેડ નોબલના ભાઈનું અવસાન થયું ત્યારે ત્યાના ફ્રેંચ સમાચારપત્ર "ઈરોનિયસ" દ્વારા ભૂલથી તેના ભાઈની જગ્યાએ આલ્ફ્રેડ નોબલના મોતના સમાચાર છાપી દીધેલ. "ઈરોનિયસ" સમાચારપત્રના તંત્રી દ્વારા કોઈપણ જાતની તપાસ કર્યા વગર આ સમાચાર તેમણે છાપી દીધેલ.જયારે બીજે દિવસે આ સમાચાર આલ્ફ્રેડ નોબલે વાંચ્યા ત્યારે તેઓ હસી પડ્યા હતા પણ બાદમાં તેઓ.સમાચારનું ટાઈટલ ‘‘મોતના સોદાગરની આ જગતમાથી વિદાય’’વાંચીને અત્યંત વ્યથિત થયેલ અને વિચારવા લાગ્યા કે હું આ જગતમાથી વિદાય લઈશ ત્યારે લોકો મને મોતના સોદાગર તરીકે ઓળખશે. સતાવીસમી નવેમ્બર ૧૮૯૫ માં નએક વસિયત તૈયાર કરાવી પોતાની સંપતિમાથી ૯૪ ટકા સંપતિ એક ટ્રસ્ટ આપવાનું નક્કી કરેલ. જે ટ્રસ્ટ જગતમા જે લોકો સારું સારું કામ કરે છે તેવા લોકોને સન્માનીત કરશે. દુનિયામાં જે જે લોકો સારું સારું કાર્ય કરે છે તેમને પુરસ્કાર આપવાનું નક્કી કરેલ .તેમણે ચિકીત્સા, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, સાહિત્ય અને શાંતિ પાંચ ક્ષેત્રો નક્કી કરેલ. આ પછી બીજા જ વર્ષે ૧૮૯૬ ના વર્ષમાં તેમનું અવસાન થયું હતું. ત્યારબાદ ૧૯૦૧ થી નોબલ પુરસ્કાર આપવાની શરૂઆત થઈ હતી. ૧૯૦૧ બાદ ૬૭ વર્ષ પછી ૧૯૬૮ માં સ્વીડનની સેન્ટ્રલ બેન્કના તેની સ્થાપનાના ૩૦૦ વર્ષ પૂરા થતાં હોવાથી તેમણે નોબેલ ફાઉન્ડેશનમાં મોટી રકમ આપી અને તેમણે નોબલ પુરસ્કારમાં છઠ્ઠુ ક્ષેત્ર ઉમેર્યું. જે હતું અર્થશાસ્ત્ર. અર્થશાસ્ત્રમાં નોબલ પારિતોષિક આપવાની શરૂઆત એ વર્ષ ૧૯૬૯ થી કરવામાં આવી. નોબેલની જાહેરાત ઓકટોબરમાં કરવામાં આવે છે અને દર વરસે ૧૦ મી ડિસેમ્બરના રોજ આલ્ફ્રેડ નોબલની પુણ્યતિથિએ નોબેલ એવોર્ડ એનાયત થાય છે!!’’ રાજુએ એકાએક વિષય બદલ્યો.“ રાજુ નોબેલ સમિતિએ પાંચ પાંચ વાર મહાત્મા ગાંધીના નામની વિચારણા કરી પણ એક વાર મહાત્મા ગાંધીને નોબેલ ન આપ્યો .પણ કેટલાક નસીબદારને બે બે વાર નોબેલ મળેલ છે.મેડમ મેરી કયુરી,લિનસ પોલિંગ,જોન બાર ડીન,ફ્રેડરિક સિંગર,કે બારી શાર્પલેસને બે બે વાર નોબેલ મળેલ છે. અત્યાર સુધીમાં હજારથી વધુ મહાનુભાવોને નોબેલથી અલંકૃત કરવામાં આવેલ છે. જેમાં ૩૫ મહિલાઓનો પણ સમાવેશ થાય છે.ભારત અથવા ભારત સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ હોય તેવા ૧૩ મહાનુભાવને નોબેલ આપવામાં આવેલ છે. નોબેલ એવોર્ડમાં ૯૦ લાખ સ્વિડિશ ક્રોના, (અંદાજિત ]જીઇ૯૮૬,૦૦૦ ), નોબૅલ મેડલઅને નોબૅલ ડિપ્લોમા આપવામાં આવે છે.’’ મેં રાજુને પૂરક માહિતી આપી.

“ ગિરધરભાઈ ૯,૮૬,૦૦૦ ડોલરના કેટલા રૂપિયા થાય?’’ જેમ રાતના સમયે લાઈટ પડે અને ગાયની આંખમાં ચમક દેખાય તેમ રાજુની આંખમાં ચમક દેખાઈ!!’’“ રાજુ. ભારતીય ચલણમાં ૮,૦૮,૫૨.૦૦૦ રૂપિયા થાય!!’’ મેં એક ડોલર ના બ્યાંશી રૂપિયા ગણી નોબેલ ઈનામની રકમ ગણી દીધી.“ ગિરધરભાઈ. હમણા શાર્પલેસ,કેરોલિન બેટોર્જી, મોર્ટન મેલ્ડલને રસાયણશાસ્ત્ર,સ્વાંત પોબોનને મેડીકલ માટે નોબેલ આપવાની જાહેરાત થઈ છે. શાંતિ માટેના નોબેલ માટે બે ભારતીયોની એન્ટ્રી મેકલવામાં આવી છે.’’ રાજુએ કહ્યું.

“ રાજુ. આ બધી નોબેલ નવાન્હ પારાયણ કરવાનું કોઈ પ્રયોજન??’’ મેં નો બકવાસ સીધી વાત કરી.

“ ગિરધરભાઈ. તમારે ઊંચી ઓળખાણો છે. તમે લાગતાવળગતાને ઓળખાણનો જેક મારીને મને શાંતિનો નોબેલ મળે એવો ખેલ પાડી દો.મારું સેટિંગ કરાવી દો. હું તમને પણ રાજી કરી દઈશ. ઈનામની રકમના સિતેર ટકા તમારા . વધુ રકમનો લોભ ન કરતા!!’’ રાજુએ મારા કાનમાં માનો કે ધગધગતું સીસું રેડ્યું. મારા કાનમાં ધાક પડી ગઈ!! આમ, પણ ધણિયાણી ધાક પાડતી હોય છે. એટલે કાયમી ધોરણે સેમિ બહેરો છું.હું પેલા શાયરની પંક્તિની જેમ વો ઘર આયે ,વો મુજે દેખતે રહે, મૈં ઈનકો દેખતા રહા જેવો ઘાટ થઈ ગયો. મને કોઈ ગાંધીનગર રત્ન કે રાજ્ય રત્ન માટે લાયક ગણતા નથી અને મારે રાજુ રદીને માટે નોબેલનું અંડાગંડા કરી સેટિંગ કરી આપવાનું?? લો હોલ કુવ્વત !!

“ રાજુ તને કંઈ કેટેગરીમાં નોબેલ આપવાનો ?’’ મેં રાજુને કારણ પૂછયું.

“ ગિરધરભાઈ, મેં લગ્ન ન કરી( લગ્ન કરવા કેટલા ધખારા , બખાળા કર્યા એનો પણ અલગ ઈતિહાસ છે!!) વિશ્વ શાંતિનું સંરક્ષણ, સંવર્ધન , સંગોપનમાં કેટલું મોટું યોગદાન આપ્યું છે!! મને શાંતિ કેટેગરીનું નોબેલ અપાવો . હુ જીંદગીભર તમારો પડ્યો બોલ ઝીલીશ’’ રાજુ રદીએ પર્દાફાશ કર્યો.“ જો , રાજુ. પડ્યો બોલ ઝીલવાની ઈચ્છા હોય તો નોબેલના ધખારા કર્યા સિવાય પરણી જા.’’ મેં આમ કહી રાજુને ઘરની બહાર ધકેલી ઘરનો દરવાજો બંધ કર્યો!!!

ભરત વૈષ્ણવ

## આફ્રિકાનો માલી દેશનો ઓલમ્પિયન મેડલ વિજેતા ખેલાડી ડાબા મોડીબો ગુજરાતના ટેકવાનડો કરાટે ગેમના ખેલાડીઓને તૈયાર કરશે



દેશભરમાં હવે વિવિધ રમતોને લઈને ખાસ તાલીમ અને ઉચ્ચકક્ષાએ રમતમાં ભાગ લેવાનું વલણ વધતા વિવિધ રમતોમાં બાળકો અને રમતવીરોનો રસ વધી રહ્યો છે ત્યારે ગુજરાતમાં ટેકવાનડો કરાટે ગેમમાંથી સારી એવી સંખ્યામાં ખેલાડીઓ તૈયાર થાય અને તેમાંથી કેટલાક ઓલમ્પિક કક્ષાએ પણ જઈ શકે તે પ્રકારનું આયોજન અંજનેય સ્પોર્ટ્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ માટે તેઓએ ઓલમ્પિકમાં મેડલ વિજેતા એવા ટેકવાનડોના પશ્ચિમ આફ્રિકાના માલિ દેશના ખેલાડી ડાબા મોડીબો કેઈટા નામના ખેલાડી દ્વારા રાજયના અને દેશભરના ખેલાડીઓને ટેકવાનડોમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની તાલીમ આપશે.... વર્ષ ૨૦૩૬માં ભારતમાં ઓલમ્પિક ની યજમાન થવાની દિશામાં પહેલ થઈ રહી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન મુજબ દેશ વધુને વધુ ઓલમ્પિકમાં મેડલ મળે તે માટે વધુ સઘન તાલીમ અને આંતરરાષ્ટ્રીય કક્ષાની તાલીમની જરૂર છે તેથી આ પ્રકારના ઓલમ્પિકમાં વિજેતા ખેલાડીઓને દેશમાં અને ગુજરાતમાં લાવીને બાળકો અને રમતવીરોને મેડલ જીતી શકે તે પ્રકારની તાલીમ આપવાની દિશામાં અમે આગળ વધી રહ્યા છે અને આગામી દિવસોમાં દરેક રાજ્યમાં પણ ખાસ ટ્રેનિંગ સેન્ટર ઉભા થાય અને ટેકવાનડો ગેમની એકેડમી ઉભી કરવાની દિશામાં પણ અમે સઘન તૈયારી હાથ ધરી છે....અંજનેય સ્પોર્ટ્સ પ્રા. લિમિટેડના ડિરેક્ટર મનીષ પટેલે જણાવ્યું હતું કે અમે આ પશ્રિમ આફ્રિકાના માલી દેશના બે વખત મેડલ જીતી ચૂકેલા ઓલિમ્પિયન્સને દસ દિવસ માટે ભારતમાં ઈન્વાઈટ કર્યા છે અને તેની પાછળનું હેતુ વર્ષ ૨૦૩૬ માં ભારત જ્યારે ઓલમ્પિક હોસ્ટ કરવા જઈ રહ્યું હોય ત્યારે, ટેકવાનડો જેવી રમતમાં ભારતમાંથી કોઈ ભાગ જ નથી લેતું ત્યારે આ રમતમાં પણ ભારતનું પ્રતિનિધિત્વ ઓલમ્પિકમાં આવે તે પ્રાથમિકતા છે અને તે માટે દેશભરમાં આવા ઓલમ્પિક મેડલ જીતેલા ખેલાડી દ્વારા તાલીમ આપવાની દિશામાં પણ આગળ વધવાનું આયોજન છે...... પશ્રચિમ આફ્રિકાના માલી દેશમાં થી ટેકવાનડો ગેમમાં બે વખતના ઓલમ્પિક મેડલ વિજેતા ડાબા મોડીબોએ જણાવ્યું હતું કે તેઓ ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં પણ વધુને વધુ ખેલાડીઓને તૈયાર કરવા અને ભારત સાથે જોડાવા હું તત્પર છું અને ભારતમાં એક આંતરરાષ્ટ્રીય કક્ષાની ટ્રેનીગ રમતવીરોને આપવાની દિશામાં આગામી દિવસોમાં તાલીમ આપી જોડાવા તૈયાર છું

## ડેન્ગ્યુની સારવાર માટે હોસ્પિટલમાં એડમીટ થવાની જરૂર ન હોવાનું કારણ જણાવી પોતાની મનમાની મુજબ ક્લેઈમ નામંજુર કરતી વીમા કંપનીને ગ્રાહક કોર્ટની ફટકાર

ફરીયાદી રાજનકુમાર જગદીશભાઈ ભોરનીયાએ સુરતની શ્રી હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ થઈ ડેન્ગ્યુન સારવાર લીધેલી. જે સારવારનો કુલ ખર્ચ રૂ. ૩૭,૨૧૦/- થયેલો. જે અંગેનો ક્લેઈમ સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સ્યો. કહ્યું. માં કરેલ. વીમા કંપની દ્વારા ફરીયાદીએ હોસ્પિટલાઈઝ થવાની જરૂર ન હતી અને ઘરે રહીને પણ સારવાર કરી શક્યા હોત એમ પોલીસી ટર્મસ એન્ડ કંડીશનનું કારણ જણાવી ક્લેઈમ નામંજુર કરેલ. જેની સામે ફરીયાદીએ વીમા કંપની સામે ગ્રાહક કોર્ટમાં ફરીયાદ કરેલી. ફરીયાદી તર્ફે જિલ્લાના જાણીતા અને ગ્રાહક સુરક્ષા કેસના સ્પેશિયાલીસ્ટ એડવોકેટ બેલા ગિરનારા અને હસમુખ ગિરનારા દ્વારા આ કેસ લડવામાં આવેલ. જે અરજી ગ્રાહક કોર્ટમાં ચાલી જતા ગ્રાહક કોર્ટના પ્રમુખશ્રી કે.જે.દસોંદી સાહેબ તથા સભ્ય શ્રી પૂર્વિ વી. જોષી દ્વારા જણાવવામાં આવેલ કે, ગ્રાહક સુરક્ષા ધારામાં મુખ્ય ઉદ્દેશ ગ્રાહકને અન્યાય થતો હોય ત્યાં રક્ષણ આપવાનું છે અને વીમા કંપનીનો મુખ્ય ઉદ્દેશ તેઓના ગ્રાહકો જેણે વીમા કંપનીને પ્રિમીયમ ચુકવેલ છે તેને સેવા આપવાનો છે. વીમા કંપની એ એક સ્ટેચ્યુટરી કોડ છે અને તેઓએ ઈરડા દ્વારા ઘડવામાં આવેલ નિયમોનું ચુસ્ત પણે પાલન કરવું જોઈએ. ઉપરાંત દર્દીને કયા પ્રકારની સારવાર આપવી અને કેટલો સમય હોસ્પિટલમાં રાખવો તે અંગેનો નિર્ણય એક માત્ર ડોકટર જ લઈ શકે અને વીમા કંપની નકકી કરી શકે નહીં કે દર્દીને જે તકલીફ હતી તે માટે હોસ્પિટલમાં દાખલ કરવા જરૂરી ન હતા. વીમા કંપની કે થર્ડ પાર્ટી એજન્સી કોઈ પણ પ્રકારનું અનુમાન કરી શકે નહી. તેવા તારણ પર આવી રૂ. ૩૭,૨૧૦/- અરજીની તારીખથી ૯% ચડત રકમ ચુક્વવાનો આદેશ કરેલો તથા શારીરિક-માનસિક ત્રાસની રૂ. ૩૦૦૦/- તથા અરજી ખર્ચના રૂ. ૨૦૦૦/- સહિતની તમામ રકમ ૩૦ દિવસમાં ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કરેલો.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિરમગામ નગર દ્વારા વિજયાદશમી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી



વિરમગામ : વિજયાદશમી ઉત્સવ એટલે અધર્મ પર ધર્મનો વિજય, અસત્ય પર સત્યનો વિજય. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં વિજયા દશમી એટલે સંઘનો સ્થાપના દિવસ. આ વિજયા દશમી ઉત્સવથી સંઘ શતાબ્દી વર્ષનો પ્રારંભ થશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિરમગામ નગર દ્વારા વિરમગામની જાણીતી શૈક્ષણિક સંસ્થા શેઠ એમ જે હાઈસ્કુલ ખાતેથી પથ સંચાલન કાઢવામાં આવ્યું હતું. સંઘના પથ સંચાલનમાં વિરમગામ વાસીઓએ એકતા, સામુહિકતા, અનુસાશન, શિસ્ત, સમય પાલનના દર્શન કર્યા અને ઠેર ઠેર પુષ્પ વર્ષા કરીને પથ સંચાલનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિરમગામ શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈને સાંજે પથ સંચાલન શેઠ એમ જે હાઈસ્કુલ ખાતે પૂર્ણ થયું હતું. વિજયા દશમી ઉત્સવ નિમિત્તે આયોજિત જાહેર કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે વિરમગામના આઈપીએસ સ્કૂલ અને શ્રી હરિ નર્સિંગ કોલેજના ચેરમેન ગોપાલભાઈ ભરવાડ ઉપસ્થિત રહ્યા અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિરમગામ જિલ્લા સંઘચાલક રણજીતસિંહ ઝાલા દ્વારા ઉદબોધન કરવામાં આવ્યું હતું. શારીરિક પ્રત્યક્ષિક, ગીત, શસ્ત્ર પૂજન સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

## આપ સાંસદના ઘરે ઈડીના દરોડા, સિસોદિયા ભડક્યાં, કહ્યું - 'મોદીએ તોતા-મૈનાને ફરી ખુલ્લાં છોડ્યાં...'



પંજાબના જાલંધરમાં આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજીવ અરોરાના ઘરે આજે દરોડા પાડ્યા છે. આપ નેતા મનીષ સિસોદિયાએ તેની જાણકારી આપી છે. તમને જણાવી દઈએ કે, સંજીવ અરોરા પંજાબથી આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ છે.

મનીષ સિસોદિયાએ પોસ્ટ કરીને લખ્યું કે, આજે ફરી મોદીજીએ પોતાના તોતા-મૈનાને ખુલ્લા છોડ્યા છે. આજે સવારથી ઈઢના અધિકારીઓ આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજીવ અરોરાના ઘરે દરોડા પાડી રહ્યા છે. છેલ્લા બે વર્ષમાં તેમણે અરવિંદ કેજરીવાલના ઘરે દરોડા પાડ્યા, મારા ઘરે દરોડા પાડ્યા, સંજય સિંહના ઘરે દરોડા પાડ્યા, સત્યેન્દ્ર જૈનના ઘરે દરોડા પાડ્યા. ક્યાંયથી કશું ન મળ્યું. પરંતુ તેમ છતાં પૂરી શિદ્દતથી મોદીજીની એજન્સીઓ એક બાદ એક ખોટા કેસ બનાવવામાં વ્યસ્ત છે. આમ આદમી પાર્ટીને તોડવા માટે તેઓ કોઈ પણ હદ સુધી જશે. પરંતુ ગમે તેટલા પ્રયાસ કરી લો આમ આદમી પાર્ટી ના અટકશે, ના વેચાશે, ના ડરશે. આમ આદમી પાર્ટીના સાંસદ સંજીવ અરોરાએ પણ ઠ પર પોસ્ટ કરીને આ અંગે માહિતી આપી છે. તેમણે કહ્યું કે, હું કાયદાનું પાલન કરનાર નાગરિક છું. સર્ચ ઓપરેશનના કારણો અંગે મને ખબર નથી. એજન્સીઓને સંપૂર્ણ સહયોગ આપીશ અને એ સુનિશ્ચિત કરીશ કે તેમના તમામ સવાલોના જવાબ આપી શકું.

## વડોદરામાં કમાટીબાગના પ્રાણી સંગ્રહાલયમાં વન્યજીવન સપ્તાહની ઉજવણી

૭૦મા વન્યજીવન સપ્તાહની ઉજવણી વડોદરાના ઐતિહાસિક કમાટીબાગના પ્રાણીસંગ્રહાલય ખાતે કરવામાં આવી હતી. આ વખતે પ્રાણી સંગ્રહાલયના પશુ પંખીઓની તસવીરોની થીમ રાખવામાં આવી હતી.

તસવીરકારોને પાંચ દિવસનો પ્રાણીસંગ્રહાલયમાં ફરવાનો સમય આપ્યો હતો અને તે સમય દરમિયાન પશુ પંખીઓની જે તસવીરો ખેંચી તેમાંથી શ્રેષ્ઠ તસવીરોની એન્ટ્રી આપી હતી. આવી ૬૨ તસવીરોનું



બે દિવસનું પ્રદર્શન યોજાયું હતું. બાગમાં આવેલા સહેલાણીઓએ આ પ્રદર્શનમાં પશુ-પંખીઓની લાક્ષણિક અદાઓ નિહાળી હતી. વન્યજીવન પરત્વે લોકોમાં જાગૃતિ આવે તે માટે આ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. આ ઉપરાંત વેસ્ટર્ન રેલ્વે ભારત સ્કાઉટ એન્ડ ગાઈડના વિદ્યાર્થીઓની માસ્ક મેકિંગ સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. કલાના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓએ જંગલી પ્રાણીઓના માસ્ક તૈયાર કર્યા હતા.

## ગોમતીપુરમાં અગાઉની અદાવતમાં યુવકની હત્યા તો શાહીબાગમાં મિત્રને બચાવવા વચ્ચે પડેલા યુવકની હત્યા

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વધતી ગુનાખોરી વચ્ચે હત્યાના બે બનાવ બન્યા છે. ગોમતીપુરમાં અગાઉના ઝઘડાની અદાવતમાં છ શખસોએ તલવાર વડે છરીના ઘા મારીને યુવકની હત્યા કરી દીધી છે જ્યારે સિવિલ હોસ્પિટલ પાસે ૪ શખસોએ યુવકના મિત્ર માર માર્યો હતો. આ ઘટનામાં મિત્રને બચાવવા માટે યુવક આવ્યો હતો, જેથી ચાર શખ્સોએ બચાવનાર યુવકને પણ ધારિયા અને છરીના ઘા માર્યા હતા, જે મામલે શાહીબાગ પોલીસે ગુનો નોંધ્યો છે.ગોમતીપુરમાં ૫૦ વર્ષીય મેહજબીનબાનુ અંસારી પરિવાર સાથે રહે છે. તેમનો ૨૫ વર્ષીય પુત્ર રાશીદ અંસારી ત્રણ વર્ષથી વટવા ખાતે રહે છે. ગત ૪ ઓક્ટોમ્બરે રાશીદ માતા મેહજબીનબાનુના ઘરે આવ્યો હતો. બાદમાં પરત આવુ છુ કહીને ઘરેથી જતો રહ્યો હતો. અંબિકા બ્રિજ નીચે સલાટનગર બ્લોક નં-૩ પાસે અવાજ આવતા મેહજબીનબાનુ પુત્રી અલક્સા અને અલફીના સાથે ત્યાં જતા તેમનો પુત્ર રાશીદ લોહિલુહાણ હાલતમાં જમીન પર પડ્યો હતો. જેથી, તેમને ત્યાં રહેતા મોહમદ આફ્તાબ બાદશાહને પૂછતા જણાવ્યું હતું કે, તે નમાઝ પઢીને ઘરે આવ્યો હતો તેની પાછળ રાશીદ પણ આવ્યો હતો. જેથી યુનુસ શેખ, આમીર પઠાણ, અશરફ શેખ, ઈબ્રાહીમ શેખ, ઈમરાન શેખ અને ઈસ્તીયાક શેખ તેમના ઘરનો દરવાજો તોડીને ઘરમાં ઘૂસીને બાઈકમાં તોડફોડ જેવી અગાઉના ઝઘડાની અદાવત રાખીને ઘરમાં તોડફોડ કરીને મોહમદ આફ્તાબ અને રાશીદ પર તલવાર, ચપ્પુ, દંડાના ઘા મારતા રાશીદ લોહીલુહાણ થઈ જતા તે બેભાન થઈને જમીન પર ઢળી પડ્યો હતો. બૂમાબૂમ થતા આસપાસના લોકો આવી જતા બંનેને સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યારે સારવાર દરમિયાન રાશીદનું મોત નિપજ્યું હતું. આ અંગે માતાએ ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં છ શખસો સામે હત્યાના પ્રયાસ સહિતની ગુનો નોધાવ્યો હતો. જ્યારે હવે પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરીને વધુ તપાસ શરૂ કરી છે.કૃષ્ણનગરમાં રહેતા રાહુલ પટણી રિક્ષા ડ્રાઈવિંગ કરીને પરિવારનુ ગુજરાન ચલાવે છે.સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મુકેશનું મોત નિપજ્યુ હતુ.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG.SS.NO:- 0088**
વિષયઃ- નવરાત્રી/ગરબો
શબ્દોઃ- ૮૦
શીર્ષકઃ- ગરબામાં અમી ઢોળે મા

બ્રહ્મનો ગરબો માડી ફેરવે કેવો ફરરર!
તાલી પાડીને ગોળ ઘૂમતાં માડી ફરરર.

આકાશી દીપ પેટાવી મૂક્યો માએ માટલીમાં;
ઊગ્યા નભે તારલિયા ચમકે કેવા અધધધ!

સજી શણગાર માડી રમે રૂડાં સખીઓ સંગ,
કસુંબલ ચૂંદડી માની લહેરાય કેવી સરરર!

ભાલે ત્રિપુંડ મધ્યે ચંદ્રનો ચાંદલો શોભતો
માની હાંકે દાનવ ભાગે બૂમ પાડી અરરર

લાગો છો રૂપાળાં માડી ઠેસ લઈ ઘૂમતાં,
ઘુઘરીઓ રણકે રૂડી નવ નાદે છમમમ.

મીઠડાં હસે ને માડી આંખે અમી ઢોળતાં,
ભક્તો નમે ને સઘળાં દુઃખ ભાગે ફરરર.

ડૉ. મનીષા વ્યાસ..અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય : નવલી નવરાત્રી/ગરબો
શીર્ષક : 'દૈવી શકિતની આરાધનાનો પવિત્ર અવસર'
ગદ્ય/પદ્ય : ગદ્ય-લેખ, શબ્દઃ ૩૪૮

આસો સુદ એકમથી શરૂ થતો નવરાત્રીનો ઉત્સવ વિશ્વના દરેક ખૂણામાં વસતા કોઈપણ ભારતીય અને ખાસ કરીને ગુજરાતીઓ માટે મહાઉત્સવ છે. આ નવ દિવસીય મહાઉત્સવ દૈવીશક્તિના આરાધકો માટે ખૂબ જ મહત્વનો છે. સામાન્ય જન સમુદાય માટે આ લોકઉત્સવ છે અને ખાસ કરીને યુવાન વયના થનગનતા યુવક યુવતીઓ માટે સંગીત અને લોકનૃત્યનો એક મહાઉત્સવ બની રહે છે. ઘરોમાં અને મંદિરોમાં શક્તિની પૂજાનો માહોલ સર્જાય છે અને ઠેર ઠેર જગમગતી લાઈટોના શણગારથી સજાવેલ મંડપમાં નવરાત્રી દરમિયાન સુંદર ગરબાઓનું આયોજન થાય છે. ભાતભાતના પરંપરાગત વસ્ત્ર પરિધાન કરીને નાના ભૂલકાઓ અને યુવક યુવતીઓ ગરબા અને રાસનો આનંદ લે છે ત્યારે આ દ્રશ્ય અતિ આહલાદક બની જાય છે.

આપણા ધાર્મિક શાસ્ત્રો અનુસાર વર્ષમાં ચાર નવરાત્રી આવે છે. વસંત નવરાત્રી ચૈત્ર સુદ એકમથી ચૈત્ર સુદ નોમ સુધી, ગુપ્ત નવરાત્રી અષાઢ સુદ એકમથી અષાઢ સુદ નોમ સુધી, શરદ નવરાત્રી જેને મહાનવરાત્રી પર્વ તરીકે પણ ઓળખવામાં આવે છે, જે આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધી અને બીજી એક ગુપ્ત નવરાત્રી, માઘ નવરાત્રી મહા મહિનાના સુદ એકમ થી સુદ નોમ સુધી ઉજવાય છે. આ ચારેય નવરાત્રીઓમાં આસો મહિનામાં આવતી શારદીય નવરાત્રીનું મહત્વ કંઈક વિશેષ ગણાય છે. આ સમયમાં ભગવાન શ્રી રામે પણ માં આદ્યશક્તિની ઉપાસના કરીને રાવણ સાથે યુદ્ધ કરવા પ્રસ્થાન કર્યું હતું. શરદ નવરાત્રીમાં અલગ અલગ સ્વરૂપોમાં મહીસાસુર રાક્ષસ સાથે યુદ્ધ કરી તેનો વધ કર્યો હતો અને સૌ દેવગણોને ભયમુક્ત કર્યા હતા.

આદ્યશક્તિ એ આ જગતનું સંચાલન કરવામાં એક મૂળ શક્તિસ્ત્રોત માનવામાં આવે છે. આજ કારણે પ્રખર દેવી ભક્તો નવરાત્રીના નવ દિવસો દરમિયાન આદ્યશક્તિના વિવિધ સ્વરૂપોનું આહવાહન કરી તેમની પૂજા અર્ચના કરી પાઠ તથા સ્તુતિ કરે છે. જગતમાં ઉદભવેલા અનિષ્ટ તત્વોનો નાશ કરવા અને સમગ્ર માનવજાતની સુખાકારી અને સલામતી માટે પ્રાર્થના કરે છે. માતાજીના ગરબાની સ્થાપના કરવામાં આવે છે અને નવ દિવસ તેની પૂજા કરવામાં આવે છે. આ ગરબો એટલે ધરતીનું પ્રતીક એવું માટીનું એક માટલું જેમાં નાના નાના છિદ્રો હોય છે અને તે માટલાના ગર્ભમાં દીવો પ્રજ્વલિત કરવામાં આવે છે, જે શક્તિના સ્વરૂપનું પ્રતીક છે.

આમ નવલી નવરાત્રી અને ગરબો એ આદ્યશક્તિની આરાધના નું મહાન પર્વ છે અને લોક ઉત્સવ પણ છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.231**
વિષય.નવરાત્રી
શીર્ષક .સખી હો..
શબ્દ.૧૧૫. પ્રકાર. પદ્ય
હે આવી નોરતાની રાત સખી હો..
ચાલો ગરબે ઘૂમવા રે લોલ.

માડી પધાર્યા ચાચર ચોકમાં હો..
વાગ્યો ઘૂઘરી નો ઘમકાર રે લોલ

વાગ્યા છે ઢોલીડા ના ઢોલ હો..
સાથે તાળીઓ નો તાલ રે લોલ

રંગ જામ્યો છે ચાચરચોકમાં હો..
માથે મૂક્યો છે રૂડો ગરબો રે લોલ

ચમકે છે ચૂંદડી ના આભલાં હો..
ગોખે ઝળકે છે દિવડા રે લોલ

વાગે છે ઝાંઝર નો ઝણકાર હો..
ભક્તિનો રંગ રેલાય છે રે લોલ

નવદુર્ગા રમે છે રાસગરબા હો...
માયે કર્યો અસુરનો સંહાર રે લોલ

દેવો વરસાવે છે રૂડા ફૂલડાં હો..
બની છે ધરા દેવલોક રે લોલ

હે મારે હૈયે ઉમંગ ના માય હો..
ચાલો ગરબે ઘુમવા રે લોલ
લેખિકા. સુચી રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 372**
વિષય : નવલી નવરાત્રી / ગરબો
શીર્ષક : ગરબો એકતાનું પ્રતીક.
શબ્દો :. ૨૪૫ ગદ્ય - લેખ.

પરંપરાગત રીતે ઉજવાતી આસો માસની નવરાત્રી વિશે અનેક શાસ્ત્રીય વાતો આપણે જાણીએ છીએ. ભાદરવી પૂનમે શ્રદ્ધાપૂર્વક ચાલીને મા જગદંબાને આપણે આંગણે આવવાનું આગોતરું આમંત્રણ આપીએ છીએ. શ્રાદ્ધના દિવસો દરમિયાન માની આતુરતાથી રાહ જોઈ, આસો સુદ એકમથી માની હાજરી અનુભવીએ છીએ અને ભક્તિરસમાં લીન થઈ જઈએ છીએ. માના વિવિધ સ્વરૂપથી લઈ અનેક રોચક કથાઓ અવારનવાર વાંચવા સાંભળવા મળે છે. આજે વાત કરવી છે પ્રત્યક્ષ દેખાતા ગરબાની કેટલીક આગવી વાતોની.

'સોના ઈંઢોણી રૂપા બેડલું રે રોલ...' કહી મા પ્રત્યે આપણો ઉચ્ચ ભાવ પ્રગટ કરીએ છીએ, પરંતુ ગરબીની અંદર રહેલી દિવ્ય જ્યોતનો પ્રકાશ તો સમાન રીતે જ સૌ ભક્તજનોને પહોંચે છે, એ આ ગરબીની એક આગવી વિશેષતા છે. જ્યારે ગરબો ગાવા માટે ભાવિક ભક્તો જોડાય છે ત્યારે તેમાં પણ દરેક વય, દરેક વર્ણ, ગરીબ, તવંગર સૌ સમાન રીતે જોડાય છે. વર્તુળ પણ એ રીતે ગોળ રાઉન્ડમાં ફેરવાય છે કે એમાં કોઈ પહેલું નથી અને કોઈ છેલ્લું નથી, સૌ સમાન છે. સૌનું સરખું મહત્વ છે, આમ એકતાની આખી પરંપરાનો પણ આ સંકેત છે. દરેકનું મન અને દરેકનું માન જાળવવાની આ ભાતીગળ પરંપરાનો એક આદર્શ નમૂનો છે. આથી જ કુંભારીના ઘરેથી નીકળી ગરબો ઊંચા રાજ દરબારે જઈ સોનીડાના ઘાટે અટકતો નથી પરંતુ છેક ઘાંચીડાના દ્વાર સુધી જાય છે.

માની આરતીમાં પણ સૌ સાથે જોડાય છે. એક અવાજે એકજ રાગથી અને લયથી એકમેકના તાલમેલથી આરતી ગવાય છે, અને એ આરતીની દિવ્ય જ્યોત સરખે હિસ્સે આંખે અને મસ્તકે ચઢાવાય છે. પ્રસાદરૂપી મીઠાશ પણ સમાન પણે વહેંચાય છે.

આમ નવરાત્રીના ગરબામાં મા પ્રત્યેના ભક્તિભાવ સાથે વિવિધતામાં એકતાનો સૌમ્ય ભાવ પણ જોવા મળે છે.

સંજય બી. મહેતા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 219***
★વિષયઃ ગરબો★
★પ્રકાર : સોનેટ★
★શબ્દ સંખ્યા : ૭૬

★ગરબોઃ એક ગુજરાતીની શાન★

નવરાત્રીમાં ઝગમગે ગુજરાત,
ગરબાનો રંગ ચમકાવે દુનિયા,
ધીરેક રાસે ઘૂમે લોકમાટ,
હળવી તાન સાથે ઝૂમે સંસારિયા.

માતા દુર્ગાની ભક્તિથી છલકાય,
પ્રેમ અને શ્રદ્ધાનો વહે છે પ્રવાહ,
હૈયામાં આનંદની મીઠી લય સાંજ,
ગરબે ઘૂમે માનવી જીવનનો રાસ.

હું ગુજરાતીને, ગરબો મારી શાન છે,
ધ્રુજતું નૃત્ય, સૂર, અને તાલ,
મીઠા સંગીતે જીવંત દરેક પ્રાણ છે,

આ પરંપરા છે મારી ભૂમિની જાન,
ગરબો તો જાણે આ ગુજરાતી જીવન,
નવરાત્રીમાં ફેલાય છે ઝળહળ એક સ્વપ્ન.

- નયના જે. સોલંકી....આંખો

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 0185**
વિષયઃ- નવલી નવરાત, ગરબો
શીર્ષકઃ- માડી મારી અમીભરી
શબ્દોઃ- ૧૩૯. પ્રકારઃ- પદ્ય

ગરબે ઘુમીએ રે અમે ગરબે ઘૂમીએ, મા અંબાના ગરબે ઘૂમીએ,
નવલી નવરાતે ખુશીથી ઝુમીએ, આશીર્વાદ લેવા ગરબે ઘૂમીએ,

નવદુર્ગા મંત્ર આપણી સંસ્કૃતિ, ભક્તિરૂપે માની સેવા નીત કરીએ,
નવરૂપે સંસારે મળ્યો સંદેશો, શક્તિરૂપી માના અમો ગરબે ઘૂમિએ,

પહેલા નોરતે શાંત શૈલપુત્રીની દુર્ગા સ્વરૂપે, કરીએ સૌ અઃનંદે પૂજા,
બીજા નોરતે મા બ્રહ્મચારીણી તપસ્વીની માતાની, કરીએ અમે પૂજા,
ત્રીજા નોરતે મા ચંદ્રઘટા પૂજાએ કરે કલ્યાણ, દે મુક્તિનું જ વરદાન,
ચોથા નોરતે મા કૂષ્માંડાની ભક્તિએ થાય પૂજા, કર્યું બ્રહ્માંડનું સર્જન,
પાંચમા નોરતે મા સ્કંધમાતા દે કાર્તિકેયને
આભાર - નિહારીકા રવિયા શિક્ષણ, ભક્તિએ આશિષ,
છઠ્ઠા નોરતે મા કાત્યાયની પૂજાએ કરે, અમારી સમસ્યાઓનો અંત,
સાતમા નોરતે મા કાલરાત્રિની કરીએ પૂજા, કરે અમારા સૌનું રક્ષણ,
આઠમા નોરતે મા મહાગૌરીનું તેજોમય સ્વરૂપનું, કરીએ અમે પૂજન,
નવમા નોરતે મા સિદ્ધિદાત્રી સિદ્ધિની દેવી, પૂજાએ આપે ભાવે ભક્તિ,

'ઝરૂખો' ભક્તિના ભાવે ગરબે ફરે નીત, મળે આત્માબળ મારી સેવાએ.

-દિલીપ સી. સોની 'ઝરૂખો'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS/0044**
વિષય :-નવલી નવરાત/ગરબો
પ્રકાર :- પદ્ય
શીર્ષક :- ગરબે રમવા આવ

નવરાત્રીનાં આવ્યાં રૂડાં નોરતાં
કે માડી તું (૨)ગરબે રમવા આવ.
ભક્તો જુએ છે તારી વાટડી
કે માડી તું (૨)ગરબે રમવા આવ.
માડી આવે તો તને મુગટ પહેરાવું,
કે માડી તું (૨) મુગટનાં તેજે આવ.
માડી આવે તો તને હીર કેરાં હાર પહેરાવું,
કે માડી તું (૨)હીરલાનાં ચમકારે આવ.
માડી આવે તો તને ચૂડલા પહેરાવું,
કે માડી તું (૨)ચૂડલાનાં રણકારે આવ.
માડી આવે તો તને ઝાંઝર પહેરાવું,
કે માડી તું (૨)ઝાંઝરનાં રણકારે આવ.
માડી આવે તો રૂડાં સાથિયા પૂરાવું.
કે માડી તું (૨)સાથિયાનાં રંગે આવ.
નવરાત્રીનાં આવ્યાં રૂડાં નોરતાં
કે માડી તું(૨) ગરબે રમવા આવ.

શ્ર વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલિમોરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SSO No: 229**
પ્રકારઃ ગદ્ય શબ્દો : ૧૫૦
વિષય : નવરાત્રિનો ગરબો
શીર્ષકઃ નાદ નવરાત્રીનો નવખંડે ગૂંજે
લેખક : " પ્રપાશી" પરેશ મ. પાઠક
નાદ નવરાત્રીનો નવખંડે ગુંજતો

અંબા ભવાની માતા દર્શન દેજો આરાસુરી શક્તિશાળી દર્શન દેજો, ગરબા નવરાત્રી તણાં ભાવથી છે ગાવા, તનમનમાં તમે જોમ ભરી દેજો...!!!

લિંપીગુપિંને મેં તો આંગણું સજાવ્યું, પાવન પગલે તમારાં ગુંજતું કરી દેજો, આજ તારા ભક્તો કરે રે વિનંતી, અષ્ટ ભુજાળી, મારી અરજી સુણી લેજો....!!!

તુજ નયનોથી હેલી, હેતથી વરસાવી, અમી ભરેલાં ભાવે મુખડું મલકાવજો, સ્વીકારી વાત નાની અમારી માવડી, મનનાં આંગણિયે આવી હિચ લેજો....!!!

ચોટીલાની ચામુંડમાતા, ખોડિયાર ભવાની, માટેલ ગામેથી રૂમઝુમતી આવજો, સરખી સહેલીઓને, સાથે રે લાવજો, ગરબા તણો નાદ બ્રહ્માંડે ગુંજાવજો....!!!

માડીનાં મંદિરીયે રૂડી, ઝાલર રણકતી, દશે દિશામાં તેજ તમારું ચમકાવજો,
સુઝે એવાં શબ્દપુષ્પ,ગરબામાં પરોવી, નવખંડે ગુંજે એવી, આરતી ઉતરાવીએ, મેવા મીઠાઈ, સેવસુંવાળીનો પરસાદ, તારાં મંદિરીયે અમે રે ધરાવીએ...!!!

ચૌદભુવનની રાણી, મહાકાળી પાવાવાળી, આશાપુરા અન્નપૂર્ણા, આશ પૂરી કરજો,"પ્રપાશી" વિનવે, ગાયત્રીને ઉમિયામાતા, વૈશ્નોદેવી વિશ્વને, સદાય સાચવજો...!!!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS No.73**
વિષય. નવલી નવરાત્રી
શીર્ષક.. માં આવોને
પ્રકાર..ગદ્ય.
મા નવરાત્રી ના પાવન પર્વ માં નવ દિવસ તારી આરાધના કરાય તું દુર્ગા તું શકિત સ્ત્રી માં રહેલી અન્નપૂર્ણા તું
તુજ મહામાયા તારાથી જગતની ઉત્પત્તિ તું જગનું પાલન પોષણ કરનારી મા તારી પાસે આવવાથી બધા દુઃખો દૂર થાય અનિષ્ટો નું દહન થાય મા તને નથી લાગતું કે તારે હવે સાચેજ આવવાનો વખત થઈ ગયો છે
અહીં અનિષ્ટો દુષણો ને ખરાબ કાર્યો એ માજા મૂકી છે મા તું કોઈને કોઈ સ્વરૂપે આવ આ જગતને તારી જરૂર છે સ્ત્રી શકિત ને ખરેખર તારી શકિત ની જરૂર છે મા આ નોરતે એટલીજ પ્રાર્થના કે દુનિયા માં અહિત થતું અટકાવ લોકોને સદબુદ્ધિ આપ ને એકવાર ખારઉખરેખર આ ભૂમિ માં આવ ને જો કે તારા બનાવેલા તને કેવી બનાવે છે. .
નયના પટેલ..નૈન

# "વોક ફોર હોપ એન્ડ રન ફોર અ ક્યોર" એચસીજી આસ્થા કેન્સર સેન્ટર દ્વારા ૧૦ કિલોમીટર રનિંગનું આયોજન થયું.!




અમદાવાદ સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે આવેલી એચસીજી આસ્થા કેન્સર સેન્ટર દ્વારા સ્તન કેન્સરની જાણકારી જનતા સુધી પહોંચે એ માટે રવિવારે સવારે ૧૦ કિલોમીટર રનિંગનુ આયોજન કરવામાં આવ્યું હતું. જે સ્તન કેન્સરને હરાવીને ઉભા થયેલાનું સન્માન અને સ્તન કેન્સરની વહેલી તપાસનું સમર્થન કરવા આ લાગણી સભર "વોક ફોર હોપ એન્ડ રન ફોર અ ક્યોર" રનિંગનું આયોજન થયું હતું. આ રનિંગમાં ગાંધીનગર કેપિટલ રનર્સ ગ્રૂપના ૪૬ સભ્યોએ આ ઈવેન્ટમાં ભાગ લીધો હતો
સ્તન કેન્સર જાગૃતતા મહિનાના સમર્થનમાં એચસીજી આસ્થા કેન્સર સેન્ટરે સ્તન કેન્સરમાંથી સુરક્ષિત રીતે સાજા થયેલા લોકોના સન્માનમાં તથા તેની વહેલી તપાસ તથા તેનાથી બચવાના પગલા અંગે જાગૃતતા ફેલાવવા માટે "વોક ફોર હોપ રન ફોર અ ક્યોર" વોકાથોનનું આયોજન કર્યું હતું. આ ઈવેન્ટમાં ૧૦ કિમી. રનની સાથોસાથ પાંચ કિમી. અને ત્રણ કિમીની વોકનો સમાવેશ થયો હતો, જેમાં ૬૦૦ સ્પર્ધકોએ ભાગ લઈ આ ઈવેન્ટને સફળ બનાવી હતી. નિયમિત રનર્સની સાથે સર્વાઈવર્સ, હેલ્થકેર પ્રોફેશનલ્સ, કેરગિવર્સ અને જાહેર જનતા એ પણ આ ઈવેન્ટમાં ભાગ લીધો હતો.
આ ઈવેન્ટની શરૂઆત હોસ્પિટલના ગેટથી ૧૦ કિમી રન સાથે થઈ હતી. શાંતિગ્રામ રનિંગ ગ્રુપના રનર્સ દ્વારા આ સુંદર મજાની ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. રનિંગની સાથે વોકાથોનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં ઘણા સ્તન કેન્સરની સામે લડેલા અને તેમના પરિવારોએ ભાગ લીધો હતો. વોકર્સ અને રનર્સે સ્તન કેન્સરની જાગૃતતાને પ્રોત્સાહન આપતા પ્લેકાર્ડ્સને હાથમાં રાખ્યા હતા

# બર્મિંગહામમાં 'મારું મન મોર બની થનગાટ કરે...' સોન્ગ પર સુરતીઓના ગરબા, બાળકોથી લઈને વૃદ્ધો ગરબે ઘૂમ્યાં

સાત સમંદર પાર કરી લંડનના બર્મિંગહામ ખાતે વસેલા સુરતીઓ સહિતના ગુજરાતીઓ દ્વારા છેલ્લાં ચાર વર્ષથી નવરાત્રિનું આયોજન કરવામાં આવે છે. આ નવરાત્રિમાં બાળકોથી લઈને વૃદ્ધો ગરબા રમે છે. વિદેશમાં જન્મેલાં અને મોટાં થયેલાં બાળકોને હિન્દુ સંસ્કૃતિ સાથે જોડી રાખવાનો એક પ્રયાસ કરવામાં આવે છે.લંડનમાં બર્મિંગહામ હિન્દુ કલ્ચરલ ગ્રુપ, જે ૨૦૨૧થી હિંદુ તહેવારોને પરંપરાગત અને અર્થપૂર્ણ રીતે ઉજવવાનું અને બાળકોને આ તહેવારોનાં સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્ત્વ વિશે શિક્ષિત કરી રહ્યું છે. આ ગ્રુપમાં સભ્યો તેમના વ્યસ્ત સમયમાંથી સ્વયંસેવક તરીકે સમય આપે છે જેથી આપણાં બાળકો હિંદુ



તહેવારોનો સમૃદ્ધ વારસો સમજી શકે અને તેનો અનુભવ કરી શકે.નવરાત્રિ દરમિયાન માતાજીનું આગમન કરી, માતાજી અને ગરબાનું સ્થાપન અને આરતી, થાળ અને બાળકોના વક્તવ્યનું આયોજન કરવામાં આવે છે. માતાજીની ભક્તિ માટે ગરબાનું આયોજન કરવામાં આવે છે, જે આ ઉત્સવને ધાર્મિક પવિત્રતા આપે છે. નવરાત્રિમાં બાળકો પણ ઉત્સાહપૂર્વક ભાગ લે છે અને નવરાત્રિની પરંપરાઓ અને તેના મહત્ત્વ વિશે શીખે છે.

# પાટણમાં અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીને રાજકીય પક્ષો, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા માલ્યાર્પણ કરાયું



સત્ય, અહિંસા અને સ્વચ્છતાના પુજારી એવા ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિની પાટણ શહેરમાં વિવિધ રાજકીય પાર્ટીઓ તેમજ સામાજીક સેવાભાવી સંસ્થાઓ દ્વારા બાપુની પ્રતિમા પર સુતરની આંટી તથા ફુલહાર ચઢાવી પુષ્પાંજલી અર્પણ કરવાના કાર્યક્રમો યોજાયા હતા. જે અંતર્ગત પાટણમાં સરકારી તંત્ર, વિવિધ રાજકીય પક્ષો અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ગાંધીજીની પ્રતિમાને માલ્યાર્પણ કરી ગાંધીજી તુમ અમર રહો...ના નારા લગાવવામાં આવ્યા હતા..

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ૧૫૪ માં જન્મદિન નિમિત્તે પાટણ શહેરના પ્રથમ રેલવે ગરનાળા પાસે પ્રસ્થાપિત કરાયેલ મહાત્મા ગાંધીની પૂર્ણકદની પ્રતિમા પર સૌ પ્રથમ વહીવટી તંત્ર દ્વારા કલેકટર, નાયબ કલેકટર, ડીડીઓ સહિત અધિકારીઓ બાપુની પ્રતિમાને માલ્યાર્પણ કર્યું હતું.ભાજપમાંથી જિલ્લા પંચાયત પ્રમુખ,પાટણ સાંસદ ભરત ડાભી,પૂર્વ પ્રદેશ ભાજપ મહામંત્રી કે. સી. પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ દસરથજી ઠાકોર, શહેર ભાજપ પ્રમુખ કિશોરભાઈ મહેશ્વરી, નગરપાલિકા કારોબારી ચેરમેન એમ જે. પટેલ, પાટણ શહેર પ્રભારી સી. સી. ઠક્કર, સહિત ભાજપના અગ્રણી કાર્યકર્તાઓ દ્વારા બાપુની પ્રતિમાને માલ્યાર્પણ અને સુતરની આંટી પહેરાવી ગાંધીબાપુ અમર રહોના નારા લગાવી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા...

ત્યારબાદ પાટણ જીલ્લા કોંગ્રેસ દ્વારા જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ઘેમર દેસાઈની આગેવાની હેઠળ કોંગ્રેસી કાર્યકરોએ ગાંધીબાપુની પ્રતિમાને સુતરની આંટી તેમજ માલ્યાર્પણ અર્પણ કરી ગાંધીબાપુ અમર રહોના નારા લગાવ્યા હતા. જેમાં પાટણ ધારાસભ્ય કિરીટભાઇ પટેલ, શહેર પ્રમુખ દિપક પટેલ, કોર્પોરેટર ભરત ભાટિયા સહિત કોંગ્રેસ ના કાર્યકરો જોડ્યા હતા. આ પ્રસંગે ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિત ભારત વિકાસ પરીષદનાં અગ્રણીઓ તેમજ કાર્યકરો ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત ભારત વિકાસ પરીષદ, વિવિધ સેવાભાવી સંસ્થાઓ, આમ આદમી પાર્ટી સહિતના સંગઠનો દ્વારા પણ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી તેમજ માલ્યાર્પણ કરી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. પાટણ જિલ્લા ભાજપ દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત જનતા હોસ્પિટલના ભાગે સફાઈ કરી શ્રમદાન કર્યુ



ગાંધીનગર ના મેયર શ્રી મીરાબેન પટેલ એ આજરોજ સ્વાગત એફોર્ડ સોસાયટી,સરગાસણ ખાતે નવરાત્રી મા માતાજી ના દર્શન અર્થે સોસાયટી ની મુલાકાત લીધેલ ને દર્શન કરી ધન્યતા અનુભવેલ...

# દાણીલીમડામાં લાઇટનું કામ અધુરુ છોડવા બાબતે યુવકને છરીના ઘા માર્યા

દાણીલીમડામાં તેં મારા મોટા ભાઈના ત્યાં લાઈટનું કામ કેમ આધુરુ રાખ્યું હતું. કહીને આરોપીએ આવીને ઘરમાં ઘૂસીને યુવકને છરીના ઘા મારીને ગંભીર રીતે ઘાયલ કર્યો હતો. હાલમાં યુવક સારવાર હેઠળ છે, દાણીલીમડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગંભીર હાલતમાં યુવક એલ.જી.હોસ્પિટલમાં આઈસીયુંમાં સારવાર હેઠળ : દાણીલીમડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

દાણીલીમડામાં રહેતા યુવકે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં શાહઆલમ ખાતે રહેતા સમીર સામે ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદીએ આરોપીના ભાઇ ત્યાં અગાઉ લાઈટનું કામ કરતો હતો તે સમયે બંને વચ્ચે ઝઘડો થતા ફરિયાદીએ કામ અધુરુ છોડીને દીધું હતું.

જેની અદાવત રાખીને તા.૪ના રોજ આરોપી ઘરે હતો અને તેં મારા મોટા ભાઈના ત્યાં લાઈટનું કામ કેમ અધુરુ છોડયુ હતું તેમ કહીને ગાળો બોલીને ઝઘડો કર્યા બાદ ફરિયાદી યુવકને છરીના બે ઘા મારી લોહી લુહાણ કરી દીધો હતો. બુમાબુમ થતા આસપાસના લોકો આવી જતા આરોપી ત્યાંથી નાસી ગયો હતો બીજીતરફ ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે એલ.જી. હોસ્પિટલમાં લઈ દાખલ કરવામાં આવ્યો હતો.

# ગુજરાતમાંથી ૧૩૦ શિક્ષણવિદોની એવોર્ડ ગુજરાત શિક્ષણ સેવા માટે પસંદગી, નોબલ ગ્રુપ ઇન્સ્ટિટ્યૂટના કેમ્પસ ડાયરેક્ટર નયના જે. સોલંકીને એવોર્ડથી સન્માનિત કરાયા.

અમદાવાદ, ગાંધીનગર મુકામે ૬ ઓક્ટોબર ૨૦૨૪: ગુજરાતના શૈક્ષણિક ક્ષેત્રે એક વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થવા પામી છે, જેમાં રાજ્યમાંથી ૧૩૦ શિક્ષણવિદોને વિવિધ શૈક્ષણિક યોગદાન માટે એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. આ પ્રસંગે, નોબલ ગ્રુપ ઈન્સ્ટિટ્યૂટના કેમ્પસ ડાયરેક્ટર, નયના જે. સોલંકીની ગુજરાત શિક્ષણ સેવા રત્ન એવોર્ડ ૨૦૨૪ ગાંધીનગર શ્રી ડો. પુલકિત જોષી મદદનીશ સચિવ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, શ્રીમતી મીરાબહેન પટેલ-મેયર



ગાંધીનગર, શ્રી ગૌરાંગભાઈ વ્યાસ-સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી એસ. જે.ડુમરાળીયા સર સચિવ, ગાંધીનગર (સહાયક સચિવ), શ્રી ડો. એમ.એન. પટેલ સંયુક્ત નિયામક (સંયુક્ત નિયમનકાર), પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર, હસ્તે સન્માનિત કરાયા, ખાસ કરીને તેમના શિક્ષણક્ષેત્રે આપેલા મહાન યોગદાન માટે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે નયના સોલંકીએ આ પ્રસ્થાને આગવી ઓળખ બનાવી છે. નોબલ ગ્રુપ ઈન્સ્ટિટ્યૂટના કાર્યક્રમોમાં અને શિક્ષણ પ્રક્રિયાઓમાં તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. તેમના માર્ગદર્શન હેઠળ, અનેક વિદ્યાર્થીઓએ સિદ્ધિઓના ઉંચા શિખરો સર કર્યા છે.

આ વિધિમાં ૧૩૦ શિક્ષણવિદોને શૈક્ષણિક ક્ષેત્રે તેમના અનોખા પ્રદાન માટે માન્યતા આપવામાં આવી, અને આ રીતે શિક્ષણ ક્ષેત્રે નવા માપદંડો સ્થાપિત કરવાના પ્રયાસોને બળ આપવામાં આવ્યું.

ન્યુઝ ઓફ ગાંધીનગર પરિવાર ગર્વની લાગણી અનુભવી રહ્યા છે.અને તેમને હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ.

# ગાંધીનગરના મોટી શીહોલી ગામે ફાર્મ હાઉસમાં તસ્કરો ત્રાટક્યા, દાગીના - રોકડ મળી રૂ. ૩.૭૬ લાખની મત્તા ચોરીને ફરાર




ગાંધીનગરમાં નવરાત્રિને લઈને પોલીસનાં સઘન પેટ્રોલીંગ વચ્ચે મોટી શીહોલી ગામના ફાર્મ હાઉસમાં તસ્કરોએ ત્રાટકી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળીને કુલ રૂ. ૩ લાખ ૭૬ હજારની ઘરફોડ ચોરીને અંજામ આપવામાં આવતા ચીલોડા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

ગાંધીનગરના મોટી શીહોલી ગામ મહુન્દ્રા તરફ જતા રોડ ઉપર જાગૃતી ફાર્મમાં રહેતા બાબુભાઈ જીવાભાઈ પટેલ આઈશર ગાડીના ડ્રાઈવર તરીકે નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે બાબુભાઈ તેમના પત્ની વીણાબેન, દિકરી વૈશાલી સાથે ગામના ઉમીયા માતાના મંદીરે માતાજીની આરતીમા ગયા હતા.બાદમાં આરતી પુર્ણ થયા તેમની દિકરી વૈશાલી અને ભત્રીજો કિરણભાઈ ગાડીમા બેસી આશરે સાડા દશેક વાગ્યાના અરસામાં ઘરે ગયા હતા. જેની થોડીવાર પછી કિરણભાઈએ ફોન કરી જણાવેલ કે, ઘરનો આગળનો મુખ્ય દરવાજો અંદરથી બંધ હતો અને તાળુ પણ મારેલું નહોતું. જેથી દરવાજો થોડો આગળ પાછળ કરી ખોલી જોતા ઘરમા ચોરી થયેલાનું લાગે છે.આ સાંભળીને બાબુભાઈ તેમના પત્ની સાથે તાબડતોબ ઘરે દોડી આવ્યા હતા. ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો અને અંદરના રૂમમા પતરાની તિજોરી પણ ખુલ્લી હતી. તીજોરીમાં રાખેલ કપડા આમતેમ વિખરાયેલા નીચે પડેલા હતા. તિજોરીના અંદરનું નાનુ લોકર પણ તુટેલ હતું. જેની તપાસ કરતા અંદરથી રૂ. ૧.૪૪ લાખની કિંમતનો સુતળી ભાતનો સોનાનો દોરો, એક ફુલ ભાતનું સોનાનું પેન્ડલ, એક પટ્ટી ભાતનો સોનાનો દોરો, ત્રણ જોડી ચાંદીની પગની પાયલ તેમજ ૭ હજાર રોકડા મળીને કુલ રૂ. ૩ લાખ ૭૬ હજારનો મુદ્દામાલ તસ્કરો ચોરી ગયા હોવાનું માલુમ પડયું હતું. આ અંગે બાબુ ભાઈની ફરીયાદના આધારે ચીલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હોસ્પિટલમાં ટોયલેટમાં ગયેલી મહિલાએ અધૂરા માસે બે બાળકોને જન્મ આપ્યો, બંનેના મોત

સુરત સિવિલ હોસ્પિટલમાં આજે એક ટોયલેટમાંથી બે મૃત ભ્રૂણ મળી આવ્યા હતા. આ અંગેની જાણ થતાં જ તંત્રમાં દોડધામ થઈ ગઈ હતી. ત્યારબાદ તપાસ કરતા એક ૨૭ વર્ષીય સગર્ભા મહિલા ટોયલેટમાં જતા મિસકેરેજ થઈ ગયું હતું. જેના પગલે આ ઘટના બની હતી. હાલ તો આ મહિલાને સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.


મળતી માહિતી પ્રમાણે ડીંડોલી વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષીય મહિલા હાલ ચાર માસથી પ્રેગ્નન્ટ છે. આજે તેને તકલીફ થવાથી તે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે પરિવાર સાથે પહોંચી હતી. જોકે, પેટમાં તકલીફ થવાથી તે વોશરૂમ માટે ટોયલેટમાં ગઈ, તે દરમિયાન જ તેનું મિસકેરેજ થઈ ગયું હતું. મહિલાએ અધૂરા માસે બે બાળકોને જન્મ આપ્યો હતો. ત્યારબાદ આ મહિલાને પરિવારજનો ડોક્ટર પાસે લઈને પહોંચી ગયા હતા.

મહિલા સાથે ડોક્ટર પાસે પહોંચ્યા બાદ તેણે ટોયલેટમાં જ મિસકેરેજ થઈ ગયું હોવાની જાણ કરી હતી. જેથી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ટીમ ટોયલેટમાં પહોંચતા ત્યાં ભ્રુણ મળી આવ્યા હતા. ભ્રૂણને તંત્ર દ્વારા કબજે લેવામાં આવ્યું હતું અને મહિલા ને પણ લેબર રૂમમાં લઈ જઈને તાત્કાલિક સારવાર આપવાની શરૂઆત કરી દેવામાં આવી હતી. હાલ મહિલાની હાલત સામાન્ય હોવાનું જાણવા મળ્યું છે.સુરત સિવિલ હોસ્પિટલના ઈર્ં ડૉક્ટર કેતન નાયકે જણાવ્યું હતું કે, ડીંડોલી વિસ્તારની આ મહિલાનું ટોયલેટમાં મિસ્કેરેજ થઈ ગયું હતું. તપાસ કરતા મૃત ભ્રુણ ૪ મહિનાના હોવાનું જાણવા મળ્યું. કિડની બિલ્ડિંગમાં આવેલા ટોયલેટમાં બંને ભ્રુણ મળી આવ્યા હતા. હાલ તો આ થવા અંગેનું કારણ સામે આવ્યું નથી. જોકે, તે બ્લીડીંગની ફરિયાદ સાથે જ સુરત સિવિલ આવ્યા હતા અને તેના કારણે મિસકેરેજ થયું હોવાની શક્યતા છે.

# પાટણમાં ચોથા નોરતાની રાત્રે ખેલૈયાઓ મનમૂકીને ગરબે ઘૂમ્યા









પાટણ શહેરોમાં ખેલૈયાઓએ મન મૂકીને સંગીતના સથવારે પગને તાલ આપ્યો હતો અને ગરબા રમતા રમતા માતાજીની આરાધનામાં ડૂબી ગયા હતા.આમ નોરતાનો માહોલ બરાબરનો જામ્યો છે. જેમ જેમ નવરાત્રિના દિવસો જતા જાય છે, તેમ તેમ ખેલૈયાઓ ગરબા ખેલવાનો રંગ જમાવતા જાય છે. ત્યારે રવિવારે રાત્રે પાટણ શહેરના ત્રણ પાર્ટી પ્લોટ માં આયોજિત ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાથી ઉભરાઈ ગયા હતા. પરંપરાગત આભૂષણોએ લોકોની આંખો આંજી દીધી હતી. શહેરના મોટા ગરબા આયોજનમાં અવનવા ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને ગરબે રમતા ખેલૈયાઓએ જમાવટ કરી છે.

નવરાત્રિના પર્વના ચોથા નોરતે પાટણ શહેરના જુદાં જુદાં ગરબા ગ્રાઉન્ડ પર ખેલૈયાઓની ભારે ભીડ ઊમટી પડી હતી. રંગબેરંગી કેડિયાં-ધોતિયાં અને ચણિયાચોળી પહેરીને આવેલાં યુવક-યુવતીઓ મન ભરીને ગરબે ઘૂમ્યાં હતાં. દરેક ગરબા મહોત્સવમાં અદભુત દશ્યો સર્જાયાં હતાં.પાટણ શહેર ની દેવદર્શન સોસાયટી માં સોસાયટી ના રહીશો ગરબે ઘૂમ્યા હતાપાટણ શહેર ની આયુસ ટાઉન શિપ માં પણ સોસાયટી ના બાળકો ,યુવાનો મહિલાઓ માતાની ના ગરબા રમ્યા હતા.શિવ બગલોઝ સોસાયટી રહીશો અલગ અલગ પોશાક માં અને જૂની પદ્ધતિ પ્રમાણે ગરબા રમતા નજરે પડ્યા હતા અને બહેનો ભાઈ પણ નવલા નોરતાની ગરબા નાચી માતાજી ગુણ ગાન કર્યા હતા સોસાયટી રહીશી બાળકો પણ માતાજી ગરબા નાચવા જોડ્યા હતા બે તાલી ગરબા બહેનો નાચતી નજરે પડી હતી માતાજી નવલા નોરતાની ગ્રામ્ય પ્રાચીન સસ્કુતી દર્શન થાય તે રીતે ગરબે રમતા હતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.